**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**સોમવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૨૭મી, ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૫, ૬, અને ૮ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીના પ્રશ્ન અગ્રતાક્રમ–૪ અને ૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૯ થી ૭૬ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **સરકારી વિધેયક**

શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૨૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત(સુધારા)વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી કેયુર રોકડિયા
(૩) શ્રી પૂર્ણેશભાઇ મોદી
(૪) શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા
(૫) શ્રી સંદીપભાઇ દેસાઇ
(૬) શ્રી પ્રવિણકુમાર માળી (પ્રવચન અધુરું)

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી પ્રવિણકુમાર માળીએ અધુરું રહેલું પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી અમિત શાહ
(૮) શ્રી ચૈતર વસાવા
(૯) શ્રી જીતેન્દ્રકુમાર પટેલ
(૧૦) શ્રી અમૂલ ભટ્ટ
(૧૧) શ્રી અમૃતજી ઠાકોર
(૧૨) શ્રી ઉદયભાઇ કાનગડ
(૧૩) શ્રીમતી રીવાબા જાડેજા
(૧૪) ડો. દર્શિતાબેન શાહ
(૧૫) શ્રી ઇમરાન ખેડાવાલા
(૧૬) શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી

૩. **સભાગૃહનો સમય લંબાવવા અંગે**

માનનીય સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી વિધેયક પર પ્રવચન કરી રહ્યા હતા તે દરમ્યાન માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુક્લે મંત્રીશ્રીનો જવાબ અને વિધેયક પસાર થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી ડો. સી.જે. ચાવડાએ તેને સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવવાની જાહેરાત કરી. (સાંજના ૪–૨૧)

૪. **સરકારી વિધેયક (ક્રમશઃ)**

શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ અધુરું રહેલ પ્રવચન પૂરું કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૭) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૮) શ્રી પ્રધુમનસિંહ જાડેજા
(૧૯) શ્રી અમિત ઠાકર

ચર્ચાનો જવાબ શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાંચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, મંગળવાર તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪–૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.